વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૫ (નારોલ) ના મણીનગર તાલુકાના ગામ મોજે નારોલની સીમમાં આવેલ સર્વે નં. ૧૩૫/૧ ની જમીન કે જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નં. ૬૦ (નારોલ સાઉથ) માં સમાવેશ કરવામાં આવતા ફાઈનલ પ્લોટ નં. ૪૮/૧ ફાળવવામાં આવેલ છે તેવા ફા.પ્લોટના ક્ષેત્રફળવાળી જમીન પૈકી સબ પ્લોટ નં. ૪ ની ૭૦૭૪ સ.ચો.મી.ની રહેણાંકના હેતુમાટેની બીનખેતીના ઉપયોગ વપરાશવાળી જમીન ઉપર “**ઉમંગ નારોલ-૭**” એ નામની રહેણાંકના હેતુમાટેના ફલેટોની યોજનાનું આયોજન કરવામાં આવેલ છે તે યોજનામાં આવેલા બ્લોક નં. **.........** ના **..........** માળ ઉપર આવેલ ફલેટ નં.**...............** વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ **રૂા...............=૦૦ અંકે રૂપિયા .... પુરા**નો.

લખાવી લેનાર :- ....

PAN :-

ઉંમર વર્ષ :- પુખ્ત, ધંધો :- વેપાર તથા નોકરી, ધર્મે જાતે :- હિન્દુ,

રહેવાસી :- ....

....

“જેમને હવેપછી આ વેચાણ દસ્તાવેજમાં તમો અને અગર લખાવી લેનાર એ રીતે સબંધવોમાં આવશે. જે શબ્દના અર્થમાં તમો લખાવી લેનાર તથા તમો લખાવી લેનારના વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટરો, એટર્નીઓ, એડ્મીસ્ટ્રેટરો, એસાઇનીઓ, ટ્રાન્સફરીઓ, સક્સેસરો ઇત્યાદી તમામનો સમાવેસ કરવામાં આવેશે.”

લખી આપનાર :- શ્રી રાજેશભાઇ જીવરાજભાઇ દેસાઇ

PAN :- AAWPD 3248 B

ઉંમર વર્ષ :- આશરે પુખ્ત, ધંધો :- ખેતી/વેપાર, ધર્મે જાતે :- હિન્દુ, રહેવાસી :-૨૦૨, દર્શક કોમ્પલેક્ષ, શ્રેય હોસ્પિટલ સામે, નવરંગપુરા, અમદાવાદના વતી અને તરફથી તેમના કુલમુખત્યાર તરીકે

દિનેશભાઈ અમૃતભાઇ રબારી

ઉંમર વર્ષ :- આશરે પુખ્ત, ધંધો :- ખેતી/વેપાર, ધર્મે જાતે :- હિન્દુ, રહેવાસી :-૨૦૨, દર્શક કોમ્પલેક્ષ, શ્રેય હોસ્પિટલ સામે, નવરંગપુરા, અમદાવાદના

“જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં અમો અને અગર અમો લખી આપનાર અને અગર વેચાણ આપનાર એ રીતે સંબોધવામાં આવશે. જે શબ્દના અર્થમાં અમો લખી આપનારનો તથા અમો લખી આપનારના વંશ, વાલી, વારસો,

એક્ઝીક્યુટરો, એટર્નીઓ, એડ્મીનીસ્ટ્રેટરો, એસાઇનીઓ, ટ્રાન્સફરીઓ, સક્સેસરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે. ''

કન્ફર્મીંગ પાર્ટી :- ''આર.જે.ડી.બિલ્ડકોન લીમીટેડ કે જે કંપનીઝ એકટ ૧૯૫૬ અન્વયે અનુ.નં. યુ ૪૫૨૦૧ જીજે ૨૦૦૭ પીએલસી૦૫૨૪૩૯ થી તા.૧૬-૧-૨૦૦૮ ના રોજ રજીસ્ટર્ડ થયેલી કંપની છે જેની રજીસ્ટર્ડ ઓફીસ - ૨૦૨, દર્શક કોમ્પલેક્ષ, શ્રેય હોસ્પિટલ સામે, નવરંગપુરા અમદાવાદ ખાતે આવેલી છે. જેના વતી અને તરફથી તેના અધિકૃત સહિ કરનાર શ્રી દિનેશભાઈ અમૃતભાઇ રબારી ઉંમર વર્ષ :- આશરે પુખ્ત, ધંધો :- વેપાર, ધર્મે જાતે :-હિન્દુ, ઠેકાણું :- ૨૦૨, દર્શક કોમ્પલેક્ષ, શ્રેય હોસ્પિટલ સામે, નવરંગપુરા અમદાવાદના.

PAN :- AADCR 8254 K

''જેમને હવેપછી આ વેચાણ દસ્તાવેજમાં કન્ફર્મીંગ પાર્ટીવાળા લીમીટેડ કંપની એ રીતે સંબોધવામાં આવશે. જે શબ્દના અર્થમાં કન્ફર્મીંગ પાર્ટીવાળા લીમીટેડ કંપનીનો તથા કન્ફર્મીંગ પાર્ટીવાળા લી.કંપની ના હાલના તથા વખતો વખતના ડિરેકટરો, મેનેજીંગ ડિરેકટરો, વહિવટદારો, અધિકૃત વ્યકિતઓ, એક્ઝીક્યુટરો, એટર્નીઓ, એડ્મીનીસ્ટ્રેટરો, એસાઇનીઓ, ટ્રાન્સફરીઓ, સક્સેસરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે. ''

(૧) જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૫ (નારોલ) ના મણીનગર તાલુકાના ગામ મોજે નારોલની સીમમાં આવેલ સર્વે નં. ૧૩૫/૧ ની જમીન કે જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નં. ૬૦ (નારોલ સાઉથ) માં સમાવેશ કરવામાં આવતા ફાઈનલ પ્લોટ નં. ૪૮/૧ ફાળવવામાં આવેલ છે તેવા ફા.પ્લોટના ક્ષેત્રફળવાળી જમીન પૈકી સબ પ્લોટ નં. ૪ ની ૭૦૭૪ સ.ચો.મી.ની રહેણાંકના હેતુમાટેની બીનખેતીના ઉપયોગ વપરાશવાળી જમીન ઉપર ''**ઉમંગ નારોલ-૭**'' એ નામની રહેણાંકના હેતુમાટેના ફલેટોની યોજનાનું આયોજન કરવામાં આવેલ છે તે

યોજનામાં આવેલા બ્લોક નં. .... ના .... માળ ઉપર આવેલ ફલેટ નં.............. વાળી મિલકત કે જેનું કારપેટ એરીયા મુજબનું ક્ષેત્રફળ .... સ.ચો.મી. નું છે અને બાંધકામનું ક્ષેત્રફળ .... સ.ચો.મી.નું છે તથા સદર ફાઈનલ પ્લોટ નં. ૪૮/૧ પૈકી સબ પ્લોટ નં. ૪ ની ૭૦૭૪ સ.ચો.મી. ની સમગ્ર જમીન પૈકી પોષાતા વગર વહેંચાયેલા હક્ક હિસ્સાની જમીન સહિતની ફ્લેટના બાંધકામવાળી મિલકત અમો લખી આપનારની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની ચાલી આવેલ છે. જે બાંધકામવાળી મિલકત અમો લખી આપનારે તમો લખાવી લેનારને આજરોજ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ''સદરહુ મિલકત'' કે ''મજકુર મિલકત'' એ રીતે સંબોધવામાં આવશે.

<u>બીનખેતીના હુકમની વિગત :-</u>

(૨) સદર સર્વે નં. ૧૩૫/૧ ની જમીન કે જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નં. ૬૦ (નારોલ સાઉથ) માં સમાવેશ કરવામાં આવતા ફાઈનલ પ્લોટ નં. ૪૮/૧ ફાળવવામાં આવેલ છે જે ફા.પ્લોટ નં. ૪૮/૧ પૈકી સબ પ્લોટ નં. ૪ ની ૭૦૭૪ સ.ચો.મી.ની રહેણાંકના હેતુમાટેની બીનખેતીના ઉપયોગ વપરાશવાળી જમીન અમો લખી આપનારની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની ચાલી આવેલ છે.

<u>યોજનાનું નામ :-</u>

(૩) ત્યારબાદ સદરહુ જમીન ઉપર અમો લખી આપનારે ''ઉમંગ નારોલ-૭'' એ નામની રહેંણાકના હેતુ માટેના ફ્લેટોનું આયોજન કરેલ. ત્યારથી સદર આયોજનવાળી મિલકત ''**ઉમંગ નારોલ-૭**'' એ નામથી ઓળખાય છે. જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ''સદરહુ યોજના'' અગર ''મજકુર યોજના'' એ રીતે સંબોધવામાં આવેલ છે.

<u>ડેવલપમેન્ટ એગ્રીમેન્ટની વિગત :-</u>

(૪) ત્યારબાદ અમો લખી આપનારે સદરહુ જમીન ઉપર રહેણાંકના હેતુ માટેના ફલેટોનું બાંધકામ કરવા અંગેનો ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ અમો લખી આપનારે કન્ફર્મીંગ પાર્ટીવાળા લીમીટેડ

કંપની ની તરફેણમાં કરી આપેલ. જે ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ અમદાવાદ-૫(નારોલ)ના મે.સબ.રજી. સાહેબશ્રી કચેરીમાં અનુ નં. ૪૦૧૦ થી તારીખ ૩-૭-૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે.ત્યારથી સદરહુ જમીન ઉપર ''**ઉમંગ નારોલ-૭**'' એ નામની રહેણાંકના હેતુ માટેના ફ્લેટોની યોજનાનું બાંધકામ કરવાના તમામ ડેવલપમેન્ટ હક્કો કન્ફર્મીંગ પાર્ટીવાળા લીમીટેડ કંપનીના ચાલી આવેલ છે. જેથી સદર મિલકત અંગેના આ વેચાણ દસ્તાવેજમાં ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો કાયદાકીય કે ટેકનીકલ બાધ ઉપસ્થિત ના થાય તે હેતુથી આ વેચાણ દસ્તાવેજમાં કન્ફર્મીંગ પાર્ટીવાળા લી. તરીકે સામેલ થઈ અમો કન્ફર્મીંગ પાર્ટીવાળા લીમીટેડ કંપનીના અધિકૃત વ્યકિતએ સહી મત્તા કરી આપેલ છે.

<u>બાંધકામની રજાચીઠ્ઠીની વિગત :-</u>

(૫) સદર ટી.પી.સ્કીમ નં. :- ૬૦ (નારોલ સાઉથ-૨)ના માં સમાવેશ થતા ફા. પ્લોટ નં.:- ૪૮/૧ ની પૈકી સબ પ્લોટ નં. ૪ ની ૭૦૭૪ ચોરસમીટરના ક્ષેત્રફળવાળી બિનખેતીના ઉપયોગ વપરાશવાળી જમીન ઉપર ''**ઉમંગ નારોલ-૭**'' એ નામની રહેણાંકના હેતુ સારૂના ફ્લેટો ની યોજના મુકવામાં આવેલ છે જે યોજનામાં કુલ ૪ બ્લોકોનું આયોજન કરવામાં આવેલ છે જે ૪ બ્લોકો બ્લોક નં. :- એસ તથા બ્લોક નં. :- ટી તથા બ્લોક નં. :- યુ તથા બ્લોક નં. :- વી એ રીતે ઓળખવામાં આવે છે જે ૪ બ્લોકોનું બાંધકામ કરવા અંગેની રજાચીઠ્ઠી અમદાવાદ મ્યુનીશીપલ કોર્પોરેશન દ્વારા અલગ અલગ આપવામાં આવેલ છે. જે ''ઉમંગ નારોલ-૭''ની યોજનામાં કુલ ૩૬૪ ફ્લેટ આવેલા છે. તેવી સદરહુ જમીન ઉપર અમો લખી આપનાર તથા કન્ફર્મીંગ પાર્ટીવાળા લીમીટેડ કંપની દ્વારા ''**ઉમંગ નારોલ-૭**'' એ નામની યોજનામાં ફ્લેટોના બાંધકામ કરેલ છે.

<u>રેરાની વિગત :-</u>

(૬) સદર **''ઉમંગ નારોલ-૭''** એ નામની યોજના અન્વયે સરકારશ્રીના રેરાના કાયદા અન્વયેનો રજીસ્ટ્રેશન નંબર .... થી તારીખ .... ના રોજ મેળવેલ છે અને જે રેરા કાયદા અન્વયેની તમામ માહિતી અમો લખી આપનારે તમો લખાવી લેનારને સંપુર્ણ રીતે આપી દીધેલ છે અને તે અંગે તમો લખાવી લેનાર સંપુર્ણ માહિતગાર છો.

<u>લખાવી લેનારના મિલ્કતની વિગત-</u>

(૭) ત્યારબાદ સદરહુ યોજનામાં તમો લખાવી લેનારે બ્લોક નં.**.......**ના **......**માળ ઉપર આવેલ **ફલેટ નં.........**વાળી મિલકત અમો લખી આપનાર પાસેથી વેચાણ લેવાનું નક્કી કરેલ. જેના અનુસંધાને અમો લખી આપનારે તમો લખાવી લેનારને સદરહુ યોજનામાં આવેલ **ફલેટ નં. .....**વાળી મિલકતનો આજરોજ આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જેને આ વેચાણ દસ્તાવેજમાં ''સદરહુ મિલકત'' કે ''મજકુર મિલકત'' એ રીતે સંબોધવામાં આવશે.

<u>મિલકતનું વર્ણન (યોજનાનું નામ - ઉમંગ નારોલ-૭)</u>

બ્લોક નં..........

ફલેટ નં............

કારપેટ એરીયા મુજબનું ક્ષેત્રફળ .... સ.ચો.મી.નું છે.

બાલ્કની (૧) ક્ષેત્રફળ................. સ.ચો.મી.નું છે જેનો સમાવેશ કાર્પેટ એરીયાના ક્ષેત્રફળમાં થયેલો છે.

બાલ્કની (૨) ક્ષેત્રફળ................. સ.ચો.મી.નું છે જેનો સમાવેશ કારપેટ એરીયાના ક્ષેત્રફળમાં થયેલો છે.

વોશ એરીયા બાલ્કની (૧) ક્ષેત્રફળ.................. સ.ચો.મી.નું છે જેનો સમાવેશ કારપેટ એરીયાના ક્ષેત્રફળમાં થયેલો છે.

બીલ્ટ-અપ એરીયા મુજબનું ક્ષેત્રફળ .... સ.ચો.મી.નું છે.

ઉપરોક્ત મુજબના કારપેટ એરીયા મુજબના ક્ષેત્રફળમાં બાલ્કની-૧, બાલ્કની-૨ તથા વોશ એરીયાની બાલ્કની-૧ ના ક્ષેત્રફળનો સમાવેશ થયેલો છે અને કારપેટ એરીયા+વોલ એરીયા મળી બિલ્ટઅપ એરીયા મુજબની મિલકત અમો લખી આપનારે તમો લખાવી લેનારને આજરોજ

આ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવાનું નક્કી કરેલ છે. જે તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

<u>**બી.યુ. પરમીશન :-**</u>

(૮) સદરહુ **"ઉમંગ નારોલ-૭"** એ નામની યોજનાની બી.યુ. પરમીશન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના લાગુ અધિકારી સાહેબશ્રી દ્વારા તારીખ .... ના રોજ હુકમ નંબર .... થી આપવામાં આવેલ છે. જેની નકલ તમો લખાવી લેનારે અમો લખી આપનાર પાસેથી મેળવી લીધેલી છે.

<u>**પ્લાનપાસની વિગત :-**</u>

(૭) સદરહુ મિલકતનું બાંધકામ અમદાવાદ મ્યુ.કો.ના પ્લાન પાસ મુજબ જ કરવામાં આવેલ છે. જે બાંધકામ તમો લખાવી લેનારે જોઇ, તપાસી, સંભાળી લીધેલ છે. જે બાંધકામ તમો લખાવી લેનારે તમારા એન્જીનીયર પાસે ચેક કરાવી લીધુ છે અને તે બાંધકામ અંગે તમો લખાવી લેનારને સંપુર્ણ સંતોષ છે જે તમો લખાવી લેનાર આ વેચાણ દસ્તાવેજથી જાહેર કરો છો જેથી ભવિષ્યમાં સદરહુ નીચે પરીશીષ્ઠવાળી મિલકતનું પઝેશન અમો લખી આપનાર તથા કન્ફર્મીંગપાર્ટીવાળા લીમીટેડ કંપની તમો લખાવી લેનારને સોંપીએ તે દિવસ બાદ યાને કે આજરોજ આ વેચાણ દસ્તાવેજ થાય તે દિવસ બાદ સદર મિલકત અંગેની સંપુર્ણ જવાબદારી તમો લખાવી લેનારના શીરે છે ભવિષ્યમાં સદર મિલકતના બાંધકામ બાબતે અમો લખી આપનાર તથા કન્ફર્મીંગ પાર્ટીવાળા લીમીટેડ કંપની સાથે તમો લખાવી લેનારે કોઇપણ જાતની તકરાર કે વાંધા કે વિવાદ કે કોઇપણ પ્રકારના લીગલ લીટીગેશન ઉભો કરવાના રહેતા નથી. જે તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(૮) સદરહુ મિલકતનું બાંધકામ સને.૨૦૧૩-૨૦૧૪ ના અરસામાં જે તે લાગુ ઓથોરીટી દ્વારા પ્લાન પાસ કરાવીને થયેલ છે. જે પ્લાન પાસ થયેલી મિલકતનું વર્ણન નીચે પરીશીષ્ઠ મુજબનું છે અને તેવી પરીશીષ્ઠમાં જણાવેલી મિલકત અમો લખી આપનારે તમો લખાવી લેનારને આજરોજ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરેલ છે.

(૯) આજરોજથી તમો લખાવી લેનાર સદરહુ મિલકતના કુલ સ્વતંત્ર માલીક તથા સભાસદ તથા કબજેદાર થયા છો. અમો લખી આપનારે **"ઉમંગ નારોલ-૭"** એ નામની યોજનાનું આયોજન કરેલ છે અને પરીશીષ્ઠમાં જણાવેલ મિલકતના તમો લખાવી લેનાર માલીક થયેલા છો. જેથી તમો લખાવી લેનારે સદર યોજનાના તમામ નીતી નિયમોનું પાલન કરવાનું રહેશે. જે તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે અને તે અન્વયે કરવા પડતા તમામ કરારો, લખાણો જે તે સમયે તમો લખાવી લેનારે અમો લખી આપનાર કહે ત્યારે અને તે મુજબ કરી આપવા તમો લખાવી લેનાર બંધાયેલા છો.

આ વેચાણ દસ્તાવેજની શરતો નીચે મુજબની રહેશે

(એ) આ વેચાણ દસ્તાવેજની રૂઇએ તમો લખાવી લેનારે અમો લખી આપનારને પેમેન્ટની વિગતે રકમ ચુકવેલ છે જેની પહોંચ અમો લખી આપનારે તમો લખાવી લેનારને આ વેચાણ દસ્તાવેજથી આપેલ છે. સદર પરીશીષ્ઠમાં જણાવેલી મિલકતનું પઝેશન અમો લખી આપનાર દ્વારા તમો લખાવી લેનારે અમો લખી આપનાર દ્વારા સદર **"ઉમગ નારોલ-૬"** ની યોજનાના સારા વહીવટ સારૂના નક્કી કરેલ તમામ નીતી-નિયમોનું પાલન કરવાનું રહેશે. જે તમો લખાવી લેનારને કબુલ,મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(બી) અમો લખી આપનારે તમો લખાવી લેનાર સંયુક્ત રીતે જે કોઇ કરારો તથા લખાણો કરેલ છે અને જેમાં લખેલ તમામ શરતો અમો લખી આપનારને તથા તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(સી) સદરહુ મિલ્કત અંગેના આજદીન સુધીના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી વેરાઓ અમો લખી આપનારે ભરેલા છે. તેની ખાત્રી અમો લખી આપનાર આપીએ છીએ. આમ છતાં, જો માલુમ પડે કે તેવા વેરાઓ ભરવાના બાકી છે તો તેની જવાબાદરી અમો લખી આપનારની રહેશે. તેમજ આજદીન બાદના સદરહુ મિલ્કત પરત્વેના તમામ સરકારી અર્ધ સરકારી વેરાઓ તમો લખાવી લેનારે ભરવાના રહેશે.

(ડી) સદરહુ ઉપરોક્ત પરીશીષ્ઠમાં જણાવેલી મિલ્કત ઉપર તમો લખાવી લેનારને ફક્ત અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા પાસ થયેલ પ્લાન મુજબ ફલેટનો જ ઉપયોગ કરવાનો અધિકાર છે અને તે સિવાય તમો લખાવી લેનાર તેનો કોઇ અન્ય ઉપયોગ કરી શકશો નહીં અને અમો લખી આપનાર દ્વારા સદર યોજના સારા વહીવટ સારૂ જે કાંઇ આનુષંગીક સર્વિસ સોસાયટીના તમામ નીતી-નિયમો તથા બાયલોઝ બનાવેલ છે અને ભવિષ્યમાં બનાવે તે મુજબ જ તમો લખાવી લેનારે વર્તવાનું રહેશે.

(ઇ) સદરહુ ઉપરોક્ત પરીશીષ્ઠમાં જણાવેલી મિલ્કત અન્વયેના આ વેચાણ દસ્તાવેજ અંગેની થતી સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ઝેરોક્ષ, પરચુર્ણ ખર્ચ તથા તેના અનુસંધાને થતા તમામ ખર્ચાઓ વિગેરેની જવાબદારી તમો લખાવી લેનારે નીભાવવાની રહેશે અને જરૂરી તમામ ખર્ચ તમો લખાવી લેનારે કરવાના રહેશે. તેમજ સદર ફલેટના બાંધકામ અન્વયે જો કોઇપણ પ્રકારનો સર્વિસ ટેક્ષ કે અન્ય કોઇપણ જીએસટી ટેક્ષ ભરવાનો થાય તો તે તમામ તમો લખાવી લેનાર માલીકે ભરવાનો રહેશે. જે તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(એફ) આ વેચાણ દસ્તાવેજ તમો લખાવી લેનારે વાંચી સમજી લીધેલ છે અને તેની તમામ શરતો તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે અને ભવિષ્યમાં તે અન્વયે કોઇપણ જાતનો વાંધો કે તકરાર ઉઠાવવા તમો લખાવી લેનાર હક્કદાર રહેલા ગણાશો નહીં તથા આ વેચાણ દસ્તાવેજના અનુસંધાને કરવામાં આવતા તમામ કરારો, લખાણો તથા સુધારા વધારામાં સહી મત્તા કરી આપવા તમો લખાવી લેનાર બંધાયેલા છો અને રહેશો.

(જી) સદરહુ સમ્રગ યોજનાની જમીન ઉપર અમો લખી આપનારે ભેગા મળી જે **"ઉમંગ નારોલ-૭"** એ નામની યોજના મુકેલ છે. તેના વહીવટ અર્થે ભવિષ્યમાં **.................. કો.ઓ.હા. સર્વિસ સોસાયટી** એ નામની સર્વીસ સોસાયટીની રચના કરવામાં આવે તો તે સોસાયટીમાં તમો લખાવી લેનારે ફરજીયાત સભ્ય થવાનું રહેશે. તેમજ તે સોસાયટીના કે સર્વીસ સોસાયટી ના તમામ નીતી-નિયમોનું પાલન કરવાનુ રહેશે. જે તમો લખાવી લેનારને કબુલ,મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.સદર સર્વીસ સોસાયટી કે જે સોસાયટીની મેઈન્ટેન્સના વહીવટ તેમજ સોસાયટીના જનરલ કામકાજો કરી શકશે.

(એચ) સદરહુ મિલ્કતનું બાંધકામ કારપેટ એરીયાના ક્ષેત્રફળ મુજબ તમો લખાવી લેનારે ખરીદ કરેલ છે અને સદરહુ મિલકતનું કારપેટ એરીયા મુજબનું ક્ષેત્રફળ .... સ.ચો.મી.નું થાય છે તેમજ વોલ એરીયા મુજબનું ક્ષેત્રફળ .... સ.ચો.મી.નું થાય છે તે મળી કુલ્લે .... સ.ચો.મી.નું બીલ્ટ એરીયા મુજબનું ક્ષેત્રફળ થાય છે જે તમો લખાવી લેનારને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(આઈ) સદર સમગ્ર યોજનાની જમીન ઉપર બાંધવામાં આવેલ સદર યોજનાની જે તે મિલ્કતો પૈકી સદરહુ મિલ્કત તમો લખાવી લેનારે આજરોજ આ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે તેમજ સદર મિલ્કત અમો લખી આપનાર દ્વારા તમો લખાવી લેનારને બુંકિગ સમયે જે પરીસ્થીતીમાં દર્શાવવામાં આવેલ હતી તે જ પરીસ્થીતીમાં વેચાણ કરવામાં આવેલ છે જે બાબત તમો લખાવી લેનારાઓ આ વેચાણ દસ્તાવેજથી કબુલ રાખો છો તેમજ સદરહુ મિલ્કત અંગેનું બાંધકામ તમો લખાવી લેનારે તમારા આર્કીટિક તેમજ એન્જીનીયર પાસે જોઇ સમજી ચેક કરાવી લીધેલ છે અને જે બાબતે તમો લખાવી લેનારને પુર્ણ સંતોષ છે જેથી સદર મિલ્કતના બાંધકામ અન્વયે કે તેના ક્ષેત્રફળ અન્વયે ભવિષ્યમાં તમો લખાવી લેનારે અમો લખી આપનાર ઉપર કે અમો લખી આપનારના વંશ, વાલી, વારસો ઉપર કોઇપણ જાતની તકરાર સ્થળસ્થિતીના ક્ષેત્રફળ માટે કરવાની રહેતી નથી જે તમો લખાવી લેનારને કબુલ,મંજુર તેમજ બંધનકર્તા છે અને રહેશે.

(જે) સદરહુ **"ઉમંગ નારોલ-૭"** યોજનામાં આવેલ બ્લોકોની બિલ્ડીંગોના ધાબા કે ગાર્ડન કે ખુલ્લી જગ્યામાં યોજનામાં આવેલ મિલકતના માલીકોએ આજ પછી ભવિષ્યમાં ક્યારેય પણ કોઈ સાઈન બોર્ડ કે અન્ય કોઈ કોમર્શીયલ પર્પઝનો યુઝ કરવા કરાવવાનો નથી. યાને કે **"ઉમંગ નારોલ-૭"** ના આંતરીક તથા બાહ્ય એલીવેશનમાં કોઈ પણ સભ્યએ કોઈપણ પ્રકારના ફેરફાર કરવા કરાવવાના નથી. અને જો તેમ કરવામાં આવશે તો અન્ય સભ્યો દ્વારા તેવા સભ્ય સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તેવું વધારાનું બાંધકામ જે તે સભ્યએ પોતાના ખર્ચે અને જોખમે દુર કરવાનું રહેશે. અને સદરહુ યોજનાનું નામ આજીવન અનંત કાળ સુધી **"ઉમંગ નારોલ-૭"** જે રહેશે તેમાં કોઈપણ પ્રકારના ઠરાવ આધારે અન્ય કોઈ રીતે ફેરફાર કરવામાં આવશે નહી. જે સર્વે બાબતોની લખાવી લેનાર આથી ખાત્રી અને બાહેંધરી આપીએ છીએ.

(કે) સદર **"ઉમંગ નારોલ-૭"** એ નામની યોજનાના વેચાણ દસ્તાવેજ પહેલા તમો લખાવી લેનારે સદર યોજનાના બાંધકામના સમય દરમ્યાન વખતો વખત સાઈટ વીઝીટ કરેલ છે અને તેવી સાઈટ વીઝીટ સમયે સદર યોજનાનું સ્ટ્રક્ચર તમો લખાવી લેનારે તમારા સ્ટ્રક્ચર એન્જીનીયર પાસે જોઈ, તપાસી તેની સંપૂર્ણ માહિતી તથા ચકાસણી કરાવી લીધેલ છે અને તેનો સંપૂર્ણ ઓપીનીયન તમો લખાવી લેનારે મેળવી લીધેલ છે અને જેથી ભવિષ્યમાં સદર યોજનાના સ્ટ્રક્ચર બાબતે સદર યોજનાના કોઈપણ સભ્યએ સદર યોજના સર્વિસ સોસાયટીને સોંપી દીધા બાદ કોઈપણ પ્રકારની ફરીયાદ કરવાની રહેશે નહીં તેમજ તે બાબતે કોઈપણ ફરીયાદ હોય તો સોસાયટીના સભ્યોએ સર્વિસ સોસાયટીને લેખિતમાં તે બાબતની માહિતી આપવાની રહેશે અને તેવી માહિતી સર્વિસ સોસાયટીને મળ્યા બાદ સર્વિસ સોસાયટીને યોગ્ય લાગશે તો તે અંગેની કાર્યવાહી સર્વિસ સોસાયટી દ્વારા કરવામાં આવશે. જે તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(એલ) સદર **"ઉમંગ નારોલ-૭"** એ નામની યોજનાનું કલર કામ, પ્લમ્બીંગ કામ, ફ્લોરીંગ, કીચન, બાથરૂમ, પેસેજ, લીફ્ટ, સીડી, પાર્કીંગનું ફ્લોરીંગ, સીડીનું ફ્લોરીંગ, ધાબાનું ફ્લોરીંગ, પાણીની ટાંકી, ગટર તથા પાણીની પાઈપ લાઈનો તથા અન્ય પાઈપ લાઈનો, યોજનાની કમ્પાઉન્ડ વોલ, યોજનાનો ગેટ, સીક્યુરીટી કેબીન તથા સીક્યુરીટીની વ્યવસ્થા, જનરલ ટોઈલેટ તેમજ સદર યોજનાના તમામ ફ્લેટના બારી-બારણા તથા બારી-બારણાના કલર કામ તથા ઈલેક્ટ્રીકની લાઈનો તથા તેના મીટરો, સ્વીચબોર્ડ તથા સ્વીચો તથા તેના ફીટીંગ્સ વિગેરેની સંપૂર્ણ માહિતી અમો લખી આપનાર દ્વારા તમો લખાવી લેનારને આપવામાં આવેલ છે અને જે અંગેની તમામ ચકાસણી તમો લખાવી લેનારે કરી લીધેલ છે. જે તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(એમ) સદર **"ઉમંગ નારોલ-૭"** એ નામની યોજનાની જમીનનાં તમામ રાઈટ ટાઈટલ તમો લખાવી લેનારે તમારા એડવોકેટ/સોલીસીટર્સ પાસે ચેક કરાવી લીધેલ છે અને તે અંગેના ટાઈટલ બાબતે તમો લખાવી લેનારને તથા તમારા એડવોકેટ/સોલીસીટર્સને સંપૂર્ણ સંતોષ છે તેમજ સદર યોજનાની જમીનનાં ટાઈટલમાં તમો લખાવી લેનારના એડવોકેટ/સોલીસીટર્સે તમામ રેવન્યુ રેકર્ડ તથા સબ રજીસ્ટ્રારની સર્ચ તથા બીનખેતીના હુકમ તથા સદર યોજનાના પ્લાન પાસ તથા અન્ય

તમામ માલિકીના પુરાવાઓને લગતા તમામ ડોક્યુમેન્ટો જોઈ, તપાસી લીધેલ છે અને તે બાબતે તેમને સંપૂર્ણ સંતોષ છે. જેથી ભવિષ્યમાં સદર યોજના તથા સદર ઉપરોક્ત પરીશીષ્ટમાં જણાવેલી મિલકતના ટાઈટલ બાબતે તમો લખાવી લેનારે કોઈપણ પ્રકારની તકરાર કરવી કરાવવાની નથી. જે તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(એન) સદર મિલ્કતને ભવિષ્યમાં કુદરતી આફતો જેવી કે ભૂકંપ, વાવાઝોડું, ભારે વરસાદ,પુર,યુદ્ધ,અકસ્માત વિગેરે કુદરતી તથા માનવીય હોનારતોના રક્ષણ બાબતે તમો લખાવી લેનારે સદર ઉપરોક્ત પરીશીષ્ટવાળી મિલકતનો વીમો મેળવવો ફરજીયાત છે અને જો તેવો વીમો તમો લખાવી લેનાર દ્વારા લેવામાં આવેલ નહીં હોય તો ઉપરોક્ત હોનારતોને કારણે થતાં તમામ નુકશાન અને ખર્ચની સંપૂર્ણ જવાબદારી તમો લખાવી લેનારના શીરે છે અને રહેશે. જે અંગે અમો લખી આપનારની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં. જે હકીકત તમો લખાવી લેનારને, કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(ઓ) વધુમાં સદરહુ પરીશીષ્ઠવાળી મીલકત બાબતે તમો લખાવી લેનારે અમો લખી આપનાર વિરૂધ્ધ હિન્દુસ્તાનની કોઇપણ કોર્ટમાં કોઇપણ રીતે કોઇપણ પ્રકારની કાર્યવાહી કરવાની નથી યાને કે સદર વેંચાણ દસ્તાવેજ બાબતે દિવાની કોર્ટમા કે ફોજદારી કોર્ટમા કે લેબર કોર્ટમા કે ગ્રાહકસુરક્ષાની કોર્ટમા કે અન્ય કોર્ટમા કોઇપણ પ્રકારની કાર્યવાહિ અમો લખી આપનાર વિરૂધ્ધ કરવાને તમો લખાવી લેનાર હક્ક અધિકાર ધરાવતા નથી.તેમ છતા તેવુ કોઇપણ પ્રકારનુ કૃત્ય કે કાર્યવાહિ તમો લખાવી લેનાર દ્વારા કરવામા આવશે તો આ વેંચાણ દસ્તાવેજની આ શરતને આધીન રદબાતલ યાને કે કેન્શલ ગણાશે. જે હકીકત તમો લખાવી લેનારને કબુલ,મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(પી) સરકારશ્રી ના **"રેરા"**ના અધિનીયમ અંગેની માહિતીથી તમો લખાવી લેનાર સંપુર્ણ માહિતગાર છો.અને **"રેરા"**અન્વયેની સંપુર્ણ માહિતી અમો લખી આપનારને તમો લખાવી લેનારને આપેલ છે.તેમજ સદરહુ યોજનાના પ્લાનપાસ,કારપેટ એરીયાના ક્ષેત્રફળ તથા બીલ્ટ અપ એરીયાના ક્ષેત્રફળ તથા સદરહુ યોજનાની એમેનીટીઝ તથા સદરહુ યોજનામાં વાપરવામાં આવેલ તમામ

મટીરીયલ્સ અંગેની સંપુર્ણ જાણકારી તમો લખાવી લેનારે અમો લખી આપનાર પાસેથી મેળવી લિધેલ છે.અને તેવી માહિતીથી તમો લખાવી લેનારને સંપુર્ણ સંતોષ છે.

(ક્યુ) સદરહુ યોજના અન્વયે ટોરેન્ટ પાવર લીમીટેડ,લીગલ,મેઈનટેનન્શ ખર્ચ તથા એક્સ્ટ્રા વર્ક કરાવેલ હોય તો તેનો ખર્ચ તે અંગેની સંપુર્ણ માહિતી તમો લખાવી લેનાર પ્રયોજકે લખી આપનાર પાસેથી મેળવી લિધેલ છે.તેમજ કોઈપણ પ્રકારના હિડન ખર્ચ અલગથી તમો લખાવી લેનારે અમો લખી આપનારને ચુકવેલ નથી.જે તમો લખાવી લેનારને કબુલ,મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(આર) સદર યોજનામાં અમદાવાદ મ્યુનીસપલ કોર્પોરેશન માંથી લાગુ અધીકારી સાહેબ દ્વારા બી.યુ પરમીશન આવ્યા બાદ ૧(એક) વર્ષમાં અમો લખી આપનાર દ્વારા સદરહુ યોજનાનો વહીવટ .... **કો.ઓ.હા.સર્વિસ સોસાયટી** એ નામની સર્વીસ સોસાયટીને સોંપવામાં આવશે અને ત્યારબાદ સદર યોજનાના તમામ સભ્યોએ સોસાયટીના નક્કી કરેલા નિતી-નિયમો પ્રમાણે વર્તવાનુ રહેશે. વધુમાં .... **કો.ઓ.હા.સર્વિસ સોસાયટી** એ નામની સર્વીસ સોસાયટી દ્વારા જે કાઈપણ મહીનાની (મન્થલી)મેઈન્ટેનન્સની રકમ નક્કી કરવામાં આવે તે મેઈન્ટેનન્સની રકમ સોસાયટીના તમામ સભ્યોએ દર મહીનાની તા.૧ થી ૫ સુધીમાં .... **કો.ઓ.હા.સર્વિસ સોસાયટી** એ નામની સર્વીસ સોસાયટીમાં જમા કરવાની રહેશે.મુજબચેરમેન/ સેક્રેટરીને કરવાની રહેશે.જે તમો લખાવી લેનારને કબુલ,મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(એસ) સદર યોજનામાં ભવિષ્યમાં કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહિ અમો લખી આપનાર વિરૂધ્ધ તમો લખાવી લેનાર કરી શકશો નહિ.અને સદર યોજનાના કોઈપણ પ્રશ્ન બાબતે કોઈપણ પ્રકારની રજુઆત કરવાની થાય તો તેવા સમય-સંજોગે તમો લખાવી લેનારે તેવી રજુઆત સૌપ્રથમ **''સર્વિસ સોસાયટી''**ના ચેરમેન/સેક્રેટરીને કરવાની રહેશે.અને ત્યારબાદ તેવા **''સર્વિસ સોસાયટી''**ના ચેરમેન/સેક્રેટરીએ અમો લખી આપનારને તે રજુઆત કરવાની રહેશે.અને તેવા પ્રશ્નોના નિકાલ માટે અમો લખી આપનાર તમો લખાવી લેનાર તથા સર્વિસ સોસાયટી દ્વારા મીડીયેટર તરીકે એડવોકેટ **શ્રી અમીત આર.વ્યાસ**ની નીમણુંક કરેલ છે.અને તેવી તમામ રજુઆત તથા પ્રશ્નોનો નિકાલ મીડીયેટરની સલાહ સુચનથી અમો લખી આપનારે તમો લખાવી લેનારે તથા સર્વિસ સોસાયટી

દ્વારા લાવવાના રહેશે.તેમજ સદર યોજનાના પાંચ વર્ષ પુર્ણ થઇ ગયા બાદ તેવા તમામ પ્રશ્નોના નિકાલ સર્વિસ સોસાયટીએ કરવાના રહેશે.

(ટી) સદર **"ઉમંગ નારોલ-૭"** એ નામની યોજનામાં આવેલા .... માળ ઉપર આવેલા ફલેટો પૈકી જેતે ફલેટોની સામે આવેલ ટેરેસમાં બારી દરવાજી પડતા હોવાથી તે ફલેટના મેમ્બરની સેફટી,સીક્યુરીટી તથા પ્રાઈવસી માટે તેવા ટેરેસના કાયમી વપરાશી હક્કો .... માળ ઉપર આવેલા ફલેટના જે તે મેમ્બરને વેચાણ આપેલા છે જે .... માળ ઉપર રહેતા મેમ્બર કાયમી વપરાશ હક્કે વપરાશ કરી શકવાને હક્કદાર રહેશે અને તેમાં અન્ય સભ્યોએ પ્રવેશ કરવાનો હક્ક રહેશે નહી અને ....માળની ઉપરના ભાગમાં આવતું ટેરેસ તમામ ફલેટના મેમ્બરોનું કોમન વપરાશનું રહેશે. જે તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. જે અન્વયે ભવિષ્યમાં સોસાયટીના કોઈપણ સભ્યએ અમો લખી આપનાર વિરૂધ્ધ વાંધો કે તકરાર લેવાની રહેતી નથી.

(યુ) સદરહુ યોજનામાં ગ્રાઉન્ડ ફલોર ઉપર ફોયર, જનરલ ટોઈલેટ, ચીલ્ડ્રન પ્લે એરીયા અને લેન્ડસ્કેપ ગાર્ડન આપવામાં આવેલ છે. જેની સાચવણી કરવાની સંપુર્ણ જવાબદારી સદરહુ યોજનાના ફક્ત ફલેટના તમામ મેમ્બરોની છે અને રહેશે અને તેવા ફોયર, જનરલ ટોઈલેટ, ચીલ્ડ્રન પ્લે એરીયા અને લેન્ડસ્કેપ ગાર્ડનનો ઉપયોગ સદરહુ યોજનાના ફક્ત ફલેટના મેમ્બરો કરી શકવાને હક્કદાર છે અને રહેશે અને તેવા ફોયર, જનરલ ટોઈલેટ, ચીલ્ડ્રન પ્લે એરીયા અને લેન્ડસ્કેપ ગાર્ડનનો ઉપયોગ કે વપરાશ કે સાચવણી કે કોઈપણ પ્રકારની સુવીધાનો ઉપયોગ દુકાનના મેમ્બરો કરી શકશે નહીં. જે તમો લખાવી લેનારને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આ વેચાણ દસ્તાવેજ તમો લખાવી લેનારે વાંચી સમજી લીધેલ છે અને તેની તમામ શરતો તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે અને ભવિષ્યમાં તે અન્વયે કોઈપપણ જાતનો વાંધો કે તકરાર ઉઠાવવા તમો લખાવી લેનાર હક્કદાર રહેલા ગણાશો નહીં તથા આ વેચાણ દસ્તાવેજના અનુસંધાને કરવામાં આવતા તમામ કરારો, લખાણો તથા સુધારા વધારામાં સહી મત્તા કરી આપવા તમો લખાવી લેનાર બંધાયેલા છો અને રહેશો.

સદરહુ મિલકત લાંભા ગામના મંદિરની પાછળની બાજુએ આવેલ છે જે ગુજરાત સરકારે બહાર પાડેલ અશાંત વિસ્તારના નોટીફીકેશનમાં આવતી નથી અને મજકુર મિલકત વટવા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે તેથી મજકુર મિલકતના વેચાણ અંગેની અશાંત વિસ્તારની પરવાનગી મેળવવાની જરૂરીયાત ન હોય તેથી સદર મંજુરીઓ મેળવવામાં આવેલ નથી.

પરીશીષ્ઠ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૫ (નારોલ) ના મણીનગર તાલુકાના ગામ મોજે નારોલની સીમમાં આવેલ સર્વે નં. ૧૩૫/૧ ની જમીન કે જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નં. ૬૦ (નારોલ સાઉથ) માં સમાવેશ કરવામાં આવતા ફાઈનલ પ્લોટ નં. ૪૮/૧ ફાળવવામાં આવેલ છે તેવા ફા.પ્લોટના ક્ષેત્રફળવાળી જમીન પૈકી સબ પ્લોટ નં. ૪ ની ૭૦૭૪ સ.ચો.મી.ની રહેણાંકના હેતુમાટેની બીનખેતીના ઉપયોગ વપરાશવાળી જમીન ઉપર "**ઉમંગ નારોલ-૭**" એ નામની રહેણાંકના હેતુમાટેના ફલેટોની યોજનાનું આયોજન કરવામાં આવેલ છે તે યોજનામાં આવેલા બ્લોક નં. .... ના .... માળ ઉપર આવેલ ફલેટ નં............ વાળી મિલકત કે જેનું કારપેટ એરાયા મુજબનું ક્ષેત્રફળ .... સ.ચો.મી. નું છે (As per Rules of Real Estate (Regulation and Development Act, 2016) અને બિલ્ટ-અપ એરીયા મુજબનું બાંધકામનું ક્ષેત્રફળ .... સ.ચો.મી.નું છે તથા સદર ફાઈનલ પ્લોટ નં. ૪૮/૧ પૈકી સબ પ્લોટ નં. ૪ ની ૭૦૭૪ સ.ચો.મી. ની સમગ્ર જમીન પૈકી પોષાતા વગર વહેંચાયેલા હક્ક હિસ્સાની જમીન સહિતની ફલેટના બાંધકામવાળી મિલકત

જેના ખુંટચારની વિગત........

પુર્વે :-

પશ્ચિમે :-

ઉત્તરે :-

દક્ષિણે :-

ફોટો નં. ૧

ફોટો નં. ૨

....	....
લખી આપનાર	**લખાવી લેનાર**

-: પોસ્ટલ એડ્રેસ :-

ફ્લેટ નં.:- ....

"ઉમંગ નારોલ-૭"

નારોલ, અમદાવાદ.

એ રીતના નંબરો, માપ તથા ખુંટચારવાળી મિલ્કત, જમીન અને ઉપરદળ સુધ્ધાંતની તેના અસલ હદ, હક્કો મુજબની તથા તેના અંગેના બીજા જે જે હક્કો હોય તે તે તમામ હક્કો સહીતની તથા તેમાં આવેલ ચાલુ ઇલેક્ટ્રીક ફીટીંગ્સ તથા સર્વીસ સહીતની તથા કોમન રસ્તા તથા કોમન પ્લોટ તથા કોમન ફેસીલીટીઝ અને ક્લબ હાઇસ સહીયારે વાપરવા ભોગવવાના હક્કો સહીતની તથા સદરહુ મિલ્કતના રસ્તામાં થઇને નળ, ગટરના પાઇપો નાંખવા નંખાવવાના તેમજ વીજળી, તાર, ટેલીફોનના દોરડા લાવવા લઇ જવાના તમામ હક્કો સહીતની તમામ મિલ્કત.

તમો લખાવી લેનાર પરીશીષ્ઠમાં જણાવેલી મિલ્કત ધારણ કરવા માટેની ઇચ્છા ધરાવો છો અને સદર યોજનાના તમામ નીતી-નિયમોનું પાલન અને અમલ કરવાની ખાત્રી અને બાંહેધરી આપો છો. જે રૂઇએ અમો લખી આપનાર દ્વારા તમો લખાવી લેનારને ઉપરોક્ત પરીશીષ્ઠમાં જણાવેલી મિલ્કતના માલીક આ વેચાણ દસ્તાવેજ દ્વારા બનાવવામાં આવેલ છે અને જે ઉપરોક્ત પરીશીષ્ઠમાં જણાવેલી મિલ્કતની કુલ કિંમત **રૂા.............=૦૦ અંકે રૂપીયા ....પુરા** નક્કિ કરવામાં આવેલ છે. જે તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે. જે કુલ કિંમત અમો લખી આપનારને તમો લખાવી લેનાર પાસેથી નીચેની વિગતે ચુકતે મળી ગયેલ છે.

પેમેન્ટ ચુકવ્યાની વિગત

રકમ	**બેંકનું નામ**	**ચેક નં.**	**તારીખ**

રૂા................=૦૦   અંકે રૂપીયા........................ પુરા

એ રીતે સદરહુ મિલ્કતના વેચાણ અવેજનાં રૂા................=૦૦ અંકે રૂપીયા .... પુરા ની રકમ અમો લખી આપનારે તમો લખાવી લેનાર પાસેથી પેમેન્ટની વિગતે ચુકતે મળી ગયેલ છે. જે અમો લખી આપનારને પુરેપુરા ચુકતે પહોંચ્યા છે. જેની આથી આ પહોંચ અમો લખી આપનારે તમો લખાવી લેનારને કરી આપેલ છે અને હવેથી અમો લખી આપનારે તમો લખાવી લેનારને સદરહુ મિલ્કત અંગેના વેચાણ અવેજ ચુકવવાની સંપુર્ણ તમામ જવાબદારીમાંથી સંપુર્ણપણે મુક્ત કર્યા છે. તેમજ સદરહુ મિલ્કતના આ વેચાણ દસ્તાવેજમાં સદરહુ યોજના અંગે કોમન સુવીધાનો સમાવેશ થઇ ગયેલ છે.

એ રીતેનો આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનાર તથા તમો લખાવી લેનારે વાંચી, સમજી, વિચારી, તનમનની સંપુર્ણ શુધ્ધ અવસ્થામાં, બિનકેફે, બિનનશે કરી આપેલ છે. જે અમો લખી આપનાર ભાગીદારી પેઢીને તથા તમો લખાવી લેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

ઉપર લખ્યુ તે સહી છે.

આજરોજ તા............... માહે .... સને ૨૦૧૭ ના દિને શહેર અમદાવાદ મધ્યે

અત્રે................................. મત્તુ અત્રે................................. શાખ

લખી આપનાર :-

....

શ્રી રાજેશભાઇ જીવરાજભાઈ દેસાઈના કુલ મુખત્યાર તરીકે

દિનેશભાઇ અમૃતભાઇ રબારી

કન્ફર્મીંગપાર્ટીવાળા :-

....

‘‘આર.જે.ડી.બિલ્ડકોન લીમીટેડ ના વતી અને તરફથી તેના અધિકૃત સહિ કરનાર શ્રી દિનેશભાઇ અમૃતભાઇ રબારી

સાક્ષી :-

....

....

રજીસ્ટ્રેશન અધિનીયમની કલમ - ૩૨(અ) મુજબનુ પરીશીષ્ઠ

ફોટો **અંગુઠાનું નિશાન**

લખી આપનાર :-

....

શ્રી રાજેશભાઇ જીવરાજભાઈ દેસાઈના કુલ મુખત્યાર તરીકે

દિનેશભાઇ અમૃતભાઇ રબારી

કન્ફર્મીંગપાર્ટીવાળા :-

....

‘‘આર.જે.ડી.બિલ્ડકોન લીમીટેડ ના વતી અને તરફથી તેના અધિકૃત સહિ કરનાર શ્રી દિનેશભાઇ અમૃતભાઇ રબારી

લખાવી લેનાર :-

....

વેચાણ દસ્તાવેજ

ગામ મોજે નારોલ

તાલુકો મણીનગર

જિલ્લો અમદાવાદ

ટી. પી. સ્કીમ નં. ૬૦

ફાઈનલ પ્લોટ નં. ૪૮/૧

પૈકી સબ પ્લોટ નં. ૪

“ઉમંગ નારોલ-૭”

.... માળ,

ફ્લેટ નં...........

એ. આર. વ્યાસ એન્ડ કંપની

અમિત આર. વ્યાસ ,(એડવોકેટ)

મો. નં ૯૮૨૫૦ ૪૬૧૪૦

-: ઓફીસ :-

બંગલા નં.૧, અંબિકા ટેનામેન્ટ, ન્યુ જસપાર્ક સોસાયટીની સામે,

ઈસનપુર, અમદાવાદ.

ઓફીસ નં.:- ૩, બીજો માળ, રૂદ્ર સ્કવેર, બેંક ઓફ બરોડાની ઉપર,

જજીસ બંગલા ચાર રસ્તા, બોડકદેવ, અમદાવાદ.